આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **01-06-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## લોકસભા સાતમા તબક્કાનું મતદાન

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં 3 વાગ્યા સુધીમાં 49.68 ટકા મતદાન નોંધાયું. ઝારખંડમાં સૌથી વધુ 60.14% ટકા મતદાન અને સૌથી ઓછું બિહારમાં 42.95 ટકા મતદાન નોંધાયું.

ચૂંટણી પંચની વોટર ટર્નઆઉટ એપ અનુસાર 3 વાગ્યા સુધી 49.68 ટકા મતદાન થયું હતું. જેમાં બિહારમાં 42.95 ટકા, ચંદીગઢમાં 52.61 ટકા, હિમાચલ પ્રદેશમાં 58.41 ટકા, ઝારખંડમાં 60.14 ટકા, પંજાબમાં 46.38 ટકા, ઓડિશામાં 49.77 ટકા, ઉત્તર પ્રદેશમાં 46.83 ટકા અને પશ્ચિમ બંગાળમાં 58.46 ટકા મતદાન થયું હતું.

**DD NEWS**

---

## રાજ્ય-ચોથી જૂન મતગણતરી

રાજ્યના 25 કેન્દ્રો પર આગામી 4થી જૂને સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે 56 કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે. આવતીકાલ સુધીમાં મતગણતરી માટેના તમામ ઑબ્ઝર્વર્સ ફરજ સ્થળ પર હાજર થશે. સમગ્ર મતગણતરી પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## RTE – બાળકોના શાળા પ્રવેશ

શિક્ષણ મેળવવાના અધિકાર કાયદા હેઠળ ત્રીજા તબક્કામાં વધુ એક હજાર 353 બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. ત્રીજા તબક્કામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ ત્રીજી જૂન સોમવાર સુધીમાં જે-તે શાળાએ શાળાના સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધારપૂરાવા જમા કરાવી પોતાનો પ્રવેશ નક્કી કરાવી લેવો પડશે.

**RNU અમદાવાદ**

---

## હવામાન વિભાગ- આગાહી

રાજ્યના હવામાન વિભાગે આગામી ત્રીજી જૂન સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધૂળના તોફાનની આગાહી વ્યક્ત કરી છે. તે દરમિયાન પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિકલાકની રહેવાની સંભાવના છે.

રાજ્યનું તાપમાન ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે. ભુજમાં 38, કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

**RNU અમદાવાદ**

---

## આઇટીઆઇ-અંજાર

ઔદ્યોગિક તાલીમ સંસ્થા અંજાર દ્વારા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની તાલીમ અપાય છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ એનસીવીટી અને જીસીવીટી સર્ટિફિકેટ મેળવીને સરકારી નોકરી, ખાનગી કંપનીમાં નોકરી મેળવી શકાય છે.

આઇ.ટી.આઇ કરેલા તાલીમાર્થીઓને અગ્નિવીર જેવી કેન્દ્ર સરકારની યોજનામાં વધારાના માર્કસમાં આપવામાં આવે છે. ધો.10 પછી બે વર્ષનો કોર્ષ કરેલા તાલીમાર્થીઓ ધોરણ 12 ની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરી ધોરણ ૧૨ પાસ સમકક્ષ સર્ટિફિકેટ મેળવી

શકે છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ તા.13 મી જૂન છે. પ્રવેશ ઇચ્છુક તમામ ઉમેદવારો ઔદ્યોગિક તાલીમ સંસ્થા અંજારની રૂબરૂ મુલાકાત લઇ એડમિશન અંગેની પ્રક્રિયા કરી લેવા આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અંજારની યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## નલિયા એરફોર્સ જવાનો : અકસ્માત

નલિયા એરફોર્સ સ્ટેશન પાસે સંરક્ષણ ખાતાના જવાનોને લઇ જતી ગાડી ભાનાડા પાસે પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. 10 જેટલા જવાનોને ઇજા પહોંચતા તેઓને સારવાર માટે સ્થાનિક એરફોર્સની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા છે. જે પૈકી 2થી 3 જવાનોને વધુ સારવાર માટે ભુજ ખસેડાયા છે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------

## ખેતવાડી- સોઇલ હેલ્થ કાર્ડ

રાજ્ય સરકારના આદેશના પગલે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,જિલ્લા પંચાયતના વડપણ હેઠળ

જમીનનું સ્વાસ્થ્ય જાણવા માટે જિલ્લાના તમામ ગામોમાં ખેતીની જમીનના નમૂના લેવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ભુજ-કચ્છ તથા વિસ્તરણ અધિકારીશ્રી(ખેતી)ના સંકલન તથા માર્ગદર્શન હેઠળ જિલ્લાના ભુજ, માંડવી, મુંદ્રા, ભચાઉ, રાપર, અંજાર, ગાંધીધામ, અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાના તમામ ગામોમાં સોઇલ હેલ્થ કાર્ડ માટે ગામદીઠ ૨૧ જમીનના નમુના એકત્રીકરણ કરવાની કામગીરી જિલ્લાના ૧૦૯ ગ્રામસેવકો દ્વારા ચાલુ છે. જે નમુનાનું જમીન ચકાસણી પ્રયોગશાળામાં પૃથક્કરણ કરવામાં આવશે જેથી જમીનના સ્વાસ્થ્ય વિશેની માહિતી પ્રાપ્ત થશે તેવું જિલ્લા ખેતીવાડી અધિકારીઓની યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------